સુવિચાર : જે માણસ સંપૂર્ણ શ્રદ્ધા અને ભક્તિ સાથે શુભ કાર્યમાં જોડાય છે તેને અવશ્ય આત્મિક શાંતિની પ્રાપ્તિ થાય છે - અખંડ આનંદ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૭૯ | ૨૦ ડિસેમ્બર, ૨૦૧૫, રવિવાર ; માગશર સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




**તાપમાન**
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૧ ટકા ● સાંજે ૪૧ ટકા

## ફટાફટ ન્યુઝ

- નેશનલ હેરાલ્ડ કેસ પાછળ મોદીનો જ હાથ છે : આઝાદ
- સુરક્ષાના સંદર્ભમાં સુબ્રમણ્યમ સ્વામીને હવે સરકારી આવાસ
- પાક. સાથે સંબંધો સામાન્ય કરવા પડકારરૂપ : સુષ્મા
- જીએસટી બિલ શિયાળુ સત્રમાં પસાર નહીં થઈ શકે : જેટલી
- સંજયદત્તની સજામાં દર વર્ષે ૧૧૪ દિવસ ઘટ્યા : રિપોર્ટ
- સીબીએસઇ પુસ્તકો ફ્રીમાં ઓનલાઇન ઉપલબ્ધ થશે
- રેલવે નીર કૌભાંડ મામલે ભૂતપૂર્વ રેલવે અધિકારીઓ સામે અંતે ચાર્જશીટ દાખલ
- ઇરાકમાં અમેરિકાના હવાઇ હુમલા

# સોનિયા, રાહુલને આખરે જામીન




નવી દિલ્હી,તા. ૧૯ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને આજે નેશનલ હેરાલ્ડ કેસમાં આખરે ટ્રાયલ કોર્ટ ઉપસ્થિત રહ્યા હતા. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી તરફથી કોર્ટમાં ઉપસ્થિત રહેલા પૂર્વ કેન્દ્રીયમંત્રી અને વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે ફગાવી દેવામાં આવી છે. કોર્ટે ૨૦મી ફેબ્રુઆરી ૨૦૧૬ના દિવસે બપોરે બે વાગે આગામી સુનાવણીની તારીખ નક્કી કરી છે. સોનિયા ગાંધી અને

**૫૦-૫૦ હજારની બાંહેધરી આધારે જામીન મળતા અટકળોનો અંત : અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થાની વચ્ચે સોનિયા અને રાહુલ ગાંધી સહિત તમામ કોર્ટમાં ઉપસ્થિત : સુબ્રમણ્યમ સ્વામીના વિરોધ છતાં જામીન આપી દેવાયા**

દ્વારા જામીન આપી દેવામાં આવ્યા હતા. પટિયાલા હાઉસ કોર્ટમાં સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ લવલીન સમક્ષ તેઓ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તેમના વિદેશ પ્રવાસ ઉપર પ્રતિબંધ મુકવાની માંગ કરતી સુબ્રમણ્યમ સ્વામીની અરજીને રાહુલ ગાંધી ત્યારબાદ તરત જ રવાના થઇ ગયા હતા. ગયા વર્ષે ૨૬મી જૂનના દિવસે ટ્રાયલ કોર્ટે

● અનુસંધાન પાન-૭ પર

## અમારી લડત જારી રહેશે, અમે ભયભીત નથી : સોનિયા ગાંધી



નવી દિલ્હી,તા. ૧૯ નેશનલ હેરાલ્ડ કેસમાં જામીન મળી ગયા બાદ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી આક્રમક મૂડમાં દેખાયા હતા. રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, અમે કોઈપણ પીછેહઠ કરીશું નહીં. અમે એક ઈંચ પણ પીછે જવાના નથી. કોંગ્રેસ પાર્ટી ક્યારે પણ ઝુંકશે નહીં. કાયદાનું સમ્માન કરતા હોવાની વાત કરીને રાહુલે કહ્યું હતું કે, વડાપ્રધાન મોદી ખોટા આક્ષેપો કરાવી રહ્યા છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, વાસ્તવિકતા માટેની અમારી લડત યથાવતરીતે જારી રહેશે. અમે ડરવાવાળા નથી. જામીન મળી ગયા બાદ કોંગ્રેસ હેડક્વાર્ટર પર પત્રકારો સાથે વાતચીત કરતા સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, સામાન્ય લોકોની જેમ અમે કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસે આજની ગતિવિધિને લઈને આકરી પ્રતિક્રિયા આપી હતી. જો કે, આ ઘટનાક્રમ પહેલા કોંગ્રેસની ઓફિસ ઉપર મહત્વપૂર્ણ બેઠકોનો દોર જારી રહ્યો હતો. કોંગ્રેસ હેડક્વાર્ટરમાં પાર્ટીના વરિષ્ઠ નેતા અને કોંગ્રેસ વર્કિંગ કમિટિના સભ્યોએ આગાળની બેઠક ઉપર ચર્ચા કરી હતી. આજે સુનાવણી દરમિયાન શું થશે તેને લઈને ચર્ચાઓ રહી હતી. સુબ્રમણ્યમ સ્વામીએ પોતાની ફરિયાદમાં યંગ ઈન્ડિયા લિમિટેડ દ્વારા એસોસિએટ્સ જનરલ લિમિટેડના અધિગ્રહણમાં છેતરપિંડીની વાત કરી હતી. યંગ ઈન્ડિયા લિમિટેડમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની ૩૮-૩૮ ટકાની હિસ્સેદારી હતી. દિલ્હી હાઈકોર્ટે સોમવારના દિવસે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની અરજીને

● અનુસંધાન પાન-૭ પર

# સામાજિક સુરક્ષા વિસ્તૃત કરાશે

**૩૦ કરોડ વર્કરો અને તેમના પરિવારને આવરી લેવાનો હેતુ : એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન હેઠળ તબીબી લાભ આપવા ૩૯૩ જિલ્લાઓમાં સામાજિક સુરક્ષા જાળ વધુ ફેલાવાશે**

નવી દિલ્હી,તા. ૧૯ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ૩૯૩ જિલ્લામાં ૩૦ કરોડથી વધારે વર્કરો અને તેમના પરિવારના સભ્યોને આવરી લેવા માટે સામાજિક સુરક્ષાની જાળને વધારે વિસ્તૃત કરવાની યોજના ધરાવે છે. આ હિલચાલથી મોટી સંખ્યામાં વર્કરોને ફાયદો થશે. ખાસ કરીને એવા વર્કરોને ફાયદો થશે જે અકસ્માતગ્રસ્ત વિસ્તારોમાં કામ કરે છે. સાથે સાથે તેમના ભાવિ માટે કોઇ છત્રની વ્યવસ્થા નથી જેથી સરકાર હવે સામાજિક સુરક્ષાની જાળને વધુ વિસ્તૃત કરવાની ઈચ્છા ધરાવે છે. એમ્પ્લોઇ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન હેઠળ મેડિકલના લાભો કરોડો લોકોને આવરી લેવાના હેતુસર આ નિર્ણય કરવામાં આવ્યો છે. અનઓર્ગેનાઈઝડ સેક્ટરમાં કામ કરતા લોકોને આવરી લેવાના હેતુસર આ નિર્ણય કરવામાં આવ્યો છે. એનડીએ સરકાર એએસઆઇ સ્કીમના જ્યોગ્રાફિક કવરેજને વધારે વિસ્તૃત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ડિસેમ્બર ૨૦૧૬ સુધી કુલ ૩૯૩ જિલ્લામાં આને આવરી લેવામાં આવશે. હાલમાં ઈએસઆઈસી સ્કીમ હેટળ ૭.૫ કરોડ લોકોને લાભ મળી રહ્યા છે. સાથે સાથે કવરેજ આ જિલ્લામાં રેવેન્યુ વિલેજના આધાર પર ઔદ્યોગિક અને કોમર્શિયલ પોકેટ પર આધારિત રહેશે. ઈએસઆઈસી લાભો આ વર્ષે ઓગષ્ટમાં નિર્માણ સાઈટ પર કામ કરતા વર્કરોને પણ આપી દેવામાં આવ્યા હતા. આ વર્કરો અકસ્માતો અને માંદગીના વધારે શિકાર થાય છે જેથી આ સ્કીમ હેઠળ તમામને આવરી લેવાની યોજના છે. મેડિકલ ખર્ચ તાજેતરના વર્ષોમાં વધી ગયો છે. આરોગ્ય વીમાની કોઈ સુવિધા નહી હોવાના કારણે તેમની લાઈફને ભારે નુકસાન થાય છે. તેમની હાલત પણ કફોડી બની જાય છે. સત્તા સંભાળી લીધા બાદ એનડીએ સરકાર દ્વારા સામાજિક સુરક્ષા છત્રને વધારે

● અનુસંધાન પાન-૭ પર






# પોલીસ સોશિયલ મિડિયાનો ઉપયોગ વધારે

**ધોરડો ખાતે ડીજીપી કોન્ફરન્સ બેઠકમાં મોદીએ પોલીસ સંબંધિત નવી વેબસાઈટ લોંચ કરી**

અમદાવાદ,તા. ૧૯ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી રાજનાથસિંહે આજે ડીજી બેઠકના બીજા દિવસે કચ્છના સફેદ રણમાં વહેલી પરોઢે યોગા પછી રણનો નજારો માણ્યો હતો. ડીજીપી સાથે સવારનો નાસ્તો પણ લેવામાં આવ્યો હતો. યોગા કાર્યક્રમ બાદ અન્ય કાર્યક્રમો શરૂ થયા હતા. જુદા જુદા કાર્યક્રમોમાં મોદી બીજા દિવસે ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ સેશનમાં ત્રાસવાદના મુદ્દા પર ચર્ચા વિચારણા થઈ હતી. આવતીકાલે ત્રીજા અને છેલ્લા દિવસે મોદી વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધા બાદ સાંજે ટેન્ટસિટીમાંથી વિદાય લેશે અને દિલ્હી પરત ફરશે. છેલ્લા બે દિવસથી મોદી અહીં હતા અને જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યા હતા. વિવિધ કાર્યક્રમો સાથે ચાલતી મીંટીગમાં શનિવારના રોજ સવારે યોગા બાદ પ્રથમ સત્રની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં મોદી સહિતના મંત્રીઓ તેમજ ડીજીઓ જોડાયા હતા. મીંટીગના પ્રમ્ભાંમાં દેસમાંથી આવેલા ડીજીપી અને એડીશનલ ડીજીપી મળીને કુલ ૪૦૦ જેટલા હાજર રહ્યા હતા. જેમાં આઈસીના ભારતમાં પગપેસારાને કારણે અંગે ચિંતા જતાવવામાં આવી હતી. અહીં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈન્ડિયન પોલીસ ઈન સર્વિસ ઓફ નેશન નામની વેબસાઈ લોન્ચ કરી હતી. તે સમયે રાજનાથ સિંહે કહ્યું હતું કે પીએમના સુચન મુજબ સ્માર્ટ પોલીસ અને પોલીસ પણ સોશિયલ મિડિયાનો વધુ ઉપયોગ કરે તેવા પ્રયાસો અમે કરી રહ્યા છીએ. બીજા દિવસે સવારમાં સેશનમાં જોડાયા બાદ પીએમ મોદીએ કચ્છના રણમાં સૌન્દર્યને માણવાનો લ્હાવો લીધો હતો.

● અનુસંધાન પાન-૭ પર





**હોટલ પથિકાશ્રમ**
**પાર્ટી પ્લોટ**
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

**જોઈએ છે**
ગાંધીનગર થી ૨૦ કિ.મી. ના અંદરના વિસ્તારમાં NA થયેલ ફેક્ટરી માટે જગ્યા જોઈએ છે.
ગાંધીનગર થી ૨૦ કિ.મી. ના અંદરના વિસ્તારમાં ફેક્ટરી માટે શેડ ભાડે જોઈએ છે.
M. 98249 99527